પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૦ | ૨૨ માર્ચ, ૨૦૨૨, મંગળવાર; ફાગણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ...તો ત્રીજુ વિશ્વયુદ્ધ થશે : ઝેલેન્સ્કી

**જો યુદ્ધને અટકાવવાના એક ટકા પણ ચાન્સ છે તો અમે તૈયાર : ઝેલેન્સ્કી : ઝેલેન્સ્કીએ કહ્યું કે, તે પુતિન સાથે વાતચીત કરવા માટે તૈયાર છે અને જો આ વાતચીત નિષ્ફળ સાબિત થશે તો દુનિયામાં ત્રીજું વિશ્વયુદ્ધ થશે તે નક્કી છે**

નવી દિલ્હી,તા.૨૧

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને ૨૫ દિવસ જેટલો સમય થઈ ગયો છે. યુદ્ધને કારણે લાખો યુક્રેનના લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે, તો હજારો નિર્દોષ નાગરિકોનાં મોત નિપજ્યા છે. પણ હજુ સુધી યુદ્ધ અટકે તેવી કોઈ સ્થિતિ જોવા મળી રહી નથી. આ વચ્ચે યુક્રેનના પ્રેસિડેન્ટ વોલ્દોમીર ઝેલેન્સ્કીએ ફરી એકવાર દુનિયાને ચેતવણી આપી છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, તે વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરવા માટે તૈયાર છે અને જો આ વાતચીત નિષ્ફળ સાબિત



થશે તો દુનિયામાં ત્રીજું વિશ્વયુદ્ધ થશે તે નક્કી છે. યુક્રેનના પ્રેસિડેન્ટ ઝેલેન્સ્કીએ ફરી એકવખત રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરવાનું આમંત્રણ આપ્યું છે. તેઓએ કહ્યું કે, યુદ્ધને ખતમ કરવાનો એકમાત્ર રસ્તો વાતચીત છે અને તેના માટે હું તૈયાર છું. તેઓએ કહ્યું કે, જો વાતચીતના આ પ્રયાસ નિષ્ફળ સાબિત થશે તો તેનું પરિણામ ત્રીજા વિશ્વયુદ્ધ તરીકે જોવા મળી શકે છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, હું સમજું છું કે વાતચીત કર્યા વગર અમે આ યુદ્ધને અટકાવી શકતા નથી. હું તેમની (પુતિનને) સાથે વાતચીત કરવા માટે તૈયાર છીએ. ઉલ્લેખનીય છે કે, ઝેલેન્સ્કીનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે કે જ્યારે રશિયાએ યુક્રેનના મુખ્ય શહેરો પર હુમલાઓ તેજ કરી દીધા છે. યુક્રેને રશિયા પર યુદ્ધ અપરાધનો આરોપ લગાવ્યો છે, જેમાં અનેક બાળકો અને મહિલાઓના મોત થઈ ચૂક્યા છે. ઝેલેન્સ્કીએ વધુમાં કહ્યું કે, જો આ યુદ્ધને રોકવાના એક ટકા પણ ચાન્સ છે તો હું સમજું છું કે આપણે આ પગલું ઉઠાવવાની હિંમત કરવી જોઈએ.

## ચીનમાં ૧૩૨ મુસાફરોવાળું બોઈંગ ૭૩૭ પ્લેન તૂટી પડ્યું

**ચાઈના ઈસ્ટર્ન પેસેન્જર જેટ ક્રેશ થયું : ચીનનું વિશાળ બોઈંગ વિમાન ક્રેશ થયા બાદ પર્વત વિસ્તારમાં આગની જ્વાળાઓ અને ધૂમાડો જોવા મળ્યો, જાનહાનીનો આંકડો જાણી ન શકાયો**

બેજિંગ, તા.૨૧

ચીનનું ૧૩૨ લોકોને જઈ રહેલું ચાઈના ઈસ્ટર્ન પેસેન્જર જેટ ક્રેશ થયું છે. આ વિમાન દક્ષિણ-પૂર્વ ચીનમાં ક્રેશ થયું છે. જોકે, આ ઘટનામાં કેટલા લોકોના મોત થયા છે તે અંગેનો આંકડો હજુ સુધી સામે આવ્યો નથી.

બોઈંગ ૭૩૭ પ્લેન વુઝોઉ શહેર પાસે આવેલા ગ્રામ્ય વિસ્તાર ગુઆંગશીમાં તૂટી પડ્યું છે. રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે, ચીનનું વિશાળ બોઈંગ વિમાન ક્રેશ થયા બાદ પર્વત વિસ્તારમાં આગની જ્વાળાઓ અને ધૂમાડો જોવા મળ્યો હતો.

રિપોર્ટ્સમાં કહેવાઈ રહ્યું છે કે રેસ્ક્યુ ટીમ ઘટના સ્થળ પર જવા માટે રવાના થઈ ગઈ છે. ચાઈના ઈસ્ટર્ન એરલાઈન્સ ૧૩૨ લોકોને લઈને જઈ રહ્યું હતું ત્યારે વુઝોઉ પાસે તૂટી પડ્યું હતું.



સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ ચાઈના ઈસ્ટર્ન ફ્લાઈટ એમયુ૫૭૩૫ નિર્ધારિત સમય પર ગંતવ્ય સ્થાન પર ના પહોંચ્યા બાદ તપાસ શરુ

● અનુસંધાન પાન-૭ પર

## આંદામાન-નિકોબારમાં ભૂકંપના આંચકા

**અસાની વાવાઝોડું આંદામાન અને નિકોબાર પહોંચ્યું : કોઈ જાનહાની નહીં : ભૂકંપની તીવ્રતા ૪.૩ મેગ્નિટ્યુડ જેટલી નોંધાઈ**

નવી દિલ્હી, તા.૨૧

અસાની વાવાઝોડું આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ ખાતે પહોંચી ગયું છે. ત્યારે આ બધા વચ્ચે સોમવારે સવારે ભૂકંપના આંચકા પણ અનુભવાયા હતા. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના અહેવાલ પ્રમાણે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૩ મેગ્નિટ્યુડ જેટલી નોંધાઈ હતી.

આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના ૨૭૬ કિમી ઉત્તર-ઉત્તર-પશ્ચિમમાં દિગલીપુર પાસે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ૧૫.૬૬ અક્ષાંસ અને ૯૨.૩૦ રેખાંશ ઉપર ૩૯ કિમી ઉંડાણમાં નોંધાયું હતું. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના અહેવાલ પ્રમાણે સોમવારે સવારે ૩:૨૫ કલાકે ભૂકંપના આંચકા આવ્યા હતા. જોકે સદનસીબે હજુ સુધી ભૂકંપના કારણે કોઈ જાનહાનિના સમાચાર સામે નથી આવ્યા. વર્ષનું પ્રથમ વાવાઝોડું અસાની બંગાળની ખાડીમાં સર્જાયું હતું. અહેવાલ પ્રમાણે આ વાવાઝોડું ૨૨ માર્ચના રોજ બાંગ્લાદેશ-ઉત્તરી મ્યાંમારના કિનારે પહોંચશે.

## પ્રમોદ સાવંત અને પુષ્કર ધામી સતત બીજીવાર મુખ્યમંત્રી બનશે

**ગોવા ધારાસભ્ય દળની બેઠકમાં સાવંતને નેતા ચૂંટવામાં આવ્યા તેમના નામનો પ્રસ્તાવ વિશ્વજીત રાણેએ રાખ્યો હતો : પુષ્કર સિંહ ધામી બનશે ઉત્તરાખંડના મુખ્યમંત્રી**

પણજી, તા.૨૧

ગોવામાં મુખ્યમંત્રી ચહેરાને લઈને સસ્પેન્સ ખતમ થઈ ગયું છે. ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં



પ્રમોદ સાવંતને નેતા ચૂંટવામાં આવ્યા છે. તેમના નામનો પ્રસ્તાવ વિશ્વજીત રાણેએ રાખ્યો હતો. સાવંત સતત બીજીવાર રાજ્યના મુખ્યમંત્રી બનશે. બેઠકમાં ભાજપના કેન્દ્રીય પર્યવેક્ષક નરેન્દ્ર સિંહ તોમર, એલ મુરૂગન અને ગોવા ચૂંટણી પ્રભારી દેવેન્દ્ર ફડણવીસ હાજર રહ્યા હતા. ત્રણેય નેતાઓએ ધારાસભ્યો સાથે મુલાકાત કરી હતી. ધારાસભ્યોએ સાવંત પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. હવે તે રાજ્યપાલ પી એસ શ્રીધરન પિલ્લઈને મળીને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

જ્યારે ઉત્તરાખંડમાં ચૂંટણી પરિણામ બાદ ભાજપની નવી સરકારને લઈને મહત્વની જાહેરાત કરી દેવામાં આવી છે. રવિવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના આવાસ પર ભાજપ નેતાઓની બેઠક બાદ સોમવારની સાંજે ઉત્તરાખંડમાં પુષ્કર સિંહ ધામીને ધારાસભ્ય દળના નેતા ચૂંટવામાં આવ્યા છે. કેરટેકર સીએમ પુષ્કર સિંહ ધામી બીજીવાર રાજ્યના મુખ્યમંત્રી બનશે. ખટીમાથી ચૂંટણી હારવા છતાં પુષ્કર સિંહ ધામી ફરી ઉત્તરાખંડના મુખ્યમંત્રી બનશે.

કેન્દ્રીય મંત્રી અને ગોવા માટે ભાજપના કેન્દ્રીય પર્યવેક્ષક નરેન્દ્ર સિંહ તોમરે સાવંતના નામની જાહેરાત કરતા કહ્યુ, 'વિશ્વજીત રાણેએ ધારાસભ્ય દળના નેતાના રૂપમાં પ્રમોદ સાવંતના નામનો



પ્રસ્તાવ રાખ્યો. બધાએ સર્વ સંમત્તિથી તેમને નેતા પસંદ કર્યા છે. તે આગામી ૫ વર્ષ માટે ધારાસભ્ય દળના નેતા હશે.'

ગોવાના નવ નિયુક્ત સીએમ પ્રમોદ સાવંતે કહ્યુ, 'હું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો આભાર માનવા ઈચ્છુ છું જેણે મને આગામી ૫ વર્ષ માટે ગોવાના સીએમના રૂપમાં કામ કરવાની તક આપી.

## પ્રધાનમંત્રી મોદી ફક્ત બે કલાક જ સૂઈ જાય છે

**મોદી કુશળતાથી કામ કરે છે અને તેઓ કોઈ પણ પાર્ટીમાં થનારી ઘટનાઓ પર જાણકારી ધરાવે છે**



મુંબઈ,તા.૨૧

મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રકાન્ત પાટિલે દાવો કર્યો છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિવસમાં ફક્ત બે કલાક સૂઈ જાય છે અને તેઓ એક એવો પ્રયોગ કરી રહ્યા છે જેથી કરીને તેમને સૂવાની જ જરૂર ન પડે અને દેશ માટે ૨૪ કલાક કામ કરતા રહે. ચંદ્રકાન્ત પાટિલે હાલમાં જ કોલ્હાપુર ઉત્તર વિધાનસભા પેટાચૂંટણી પહેલા કોલ્હાપુરમાં ભાજપના કાર્યકરોને સંબોધન કરતા આ ટિપ્પણી કરી. ચંદ્રકાન્ત પાટિલે દાવો કર્યો કે 'પીએમ મોદી ફક્ત બે કલાક સૂવે છે અને દરરોજ ૨૨ કલાક કામ કરે છે. તેઓ હવે એક એવો પ્રયોગ કરી રહ્યા છે જેથી કરીને સૂવાની જ જરૂર ન પડે' તેમણે દાવો કર્યો કે પ્રધાનમંત્રી દેશ માટે દર મિનિટ કામ કરે છે. મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રકાન્ત પાટિલે કહ્યું કે પીએમ મોદી ઊંઘ પર કાબૂ મેળવવાની કોશિશ કરી રહ્યા છે જેથી કરીને ૨૪ કલાક જાગીને દેશ માટે કામ કરી શકે. તેમણે કહ્યું કે 'પીએમ મોદીએ એક મિનિટ પણ બરબાદ કરતા નથી. ભાજપ નેતા ચંદ્રકાન્ત પાટિલે કહ્યું કે પ્રધાનમંત્રી મોદી ખુબ જ કુશળતાથી કામ કરે છે અને તેઓ દેશમાં કોઈ પણ પાર્ટીમાં થનારી ઘટનાઓ પર જાણકારી ધરાવે છે.

## હરભજન સિંહ, રાઘવ ચદ્ઢા અને સંદિપ પાઠક સહિત પાંચ રાજ્યસભામાં જશે

**૩૧ માર્ચે પંજાબની ૫ રાજ્યસભા બેઠક માટે ચૂંટણી થશે**

નવી દિલ્હી, તા.૨૧

આમ આદમી પાર્ટીએ રાજ્યસભા ચૂંટણી માટે પોતાના પાંચ ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. પંજાબ વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને ૯૨ બેઠકો પર જીત મળી છે. આ જબરદસ્ત જીત બાદ હવે પંજાબ કોટાથી આમ આદમી પાર્ટી પૂર્વ ક્રિકેટર હરભજન સિંહ, રાઘવ ચડ્ઢા, અને ડૉ. સંદીપ પાઠક, અશોકકુમાર મિત્તલ અને સંજીવ અરોરાને રાજ્યસભા મોકલશે. ૩૧ માર્ચના રોજ પંજાબની ૫ રાજ્યસભા બેઠક માટે ચૂંટણી થશે.

રાજ્યસભા માટે નામાંકન કરવાનો આજે છેલ્લો દિવસ છે. હરભજન સિંહનું નામ ચર્ચામાં તો હતું પરંતુ બાકીના નામો માટે અટકળો ચાલી રહી હતી. આવામાં આજે પાર્ટી તરફથી હવે સસ્પેન્સ ખતમ કરી દેવાયું છે. પંજાબના ૭ રાજ્યસભા સભ્યોમાંથી ૫નો કાર્યકાળ ૯ એપ્રિલના રોજ પૂરો થઈ રહ્યો છે. આ વખતે પંજાબ વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ૧૧૭ બેઠકોમાંથી ૯૨ બેઠક જીતી છે. એવામાં

● અનુસંધાન પાન-૭ પર

## બિહારમાં લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક ૩૨ પર પહોંચ્યો

પટના,તા.૨૧

હોળીનાં સમય પર બિહારનાં ઘણાં જિલ્લામાં ગત ત્રણ દિવસમાં ૩૨ લોકોનાં સંદિગ્ધ પરિસ્થિતિમાં મોતને કારણે ઘણાં સવાલો કરી રહ્યાં છે. મૃતકોમાં ભાગલપુરનાં ૧૬, બાંકાનાં ૧૨, મધેપુરમાં ૩, નાલંદામાં એક વ્યક્તિ શામેલ છે. એટલું જ નહીં ભાગલપુરમાં બે બાંકામાં ૬ અને મધેપુરમાં એક ડઝલ કોકો બીમાર ગણાવવામાં આવી રહ્યાં છે. ભાગલપુર અને બાંકાનાં અગર વાત કરીએ તો, અહીં એક વ્યક્તિની આંખોની રોશની પણ ગૂમ થઈ ગઈ હતી.

લોકોની વચ્ચે આ વાતની ચર્ચા છે કે, ઝેરીલો દારુ પીવાને કારણે તેનું મોત થઈ ગયું છે. કેટલાંક મૃતકોનાં પરિજનોએ પણ આ વાતનો સ્વીકાર કર્યો છે. જોકે, પોલીસ અને પ્રશાસન આ મોત માટે બીમારીને કારણ ગણાવી રહ્યાં છે. ભાગલુપરમાં લોકોએ ઝેરીલો દારુ પીવાથી મોત થવાનો આરોપ લગાવતા લોકએ રસ્તા પર જામ કરી બબાલ કરી હતી.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

## જીએસટીનો ૧૨-૧૮ ટકાનો સ્લેબ મર્જ કરવાની શક્યતા

**જીએસટીના રેટ સ્ટ્રક્ચરમાં ફેરફારની શક્યતા : ફુગાવાની ચિંતા હોઈ જીએસટીનો બેઝિક રેટ ૫ ટકાથી વધારીને ૮ ટકા કરવાની દરખાસ્ત કદાચ નહીં કરાય**

નવી દિલ્હી, તા.૨૧

જીએસટીના રેટ સ્ટ્રક્ચરમાં થોડા જ સમયમાં મોટા ફેરફાર થવાની શક્યતા છે. તે પ્રમાણે ૧૨ ટકા અને ૧૮ ટકાના સ્લેબને મર્જ કરીને ૧૫ ટકાનો એક સિંગલ રેટ રાખવા ભલામણ થાય તેવી શક્યતા છે. જોકે, અત્યારે ફુગાવાની ચિંતા હોવાના કારણે જીએસટીનો બેઝિક રેટ ૫ ટકાથી વધારીને ૮ ટકા કરવાની દરખાસ્ત કદાચ નહીં કરવામાં આવે. જીએસટીઅંગે રાજ્યોના મંત્રીઓનું જૂથ (જીઓએમ) ચાલુ સપ્તાહમાં મળે તેવી શક્યતા છે. તેના દ્વારા રેટ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે અને ભલામણો કરવામાં આવશે. જીએસટીકાઉન્સિલ રિપોર્ટ પર વિચારણા કરવા અને રાજ્યોની રેવન્યુની સ્થિતિ જાણવા માટે આગામી મહિને બેઠક કરે તેવી શક્યતા છે. સપ્ટેમ્બર ૨૦૨૧માં લખનૌમાં જીએસટીકાઉન્સિલની બેઠક મળી હતી ત્યારે કાઉન્સિલે રેટમાં જરૂરી ફેરફાર કરવા માટે જીઓએમની રચના કરી હતી.

ટેક્સ બેઝ વધારી શકાય તે માટે આ જૂથને જીએસટીમુક્તિ હેઠળના ગુડ્સની સમીક્ષા કરવા, રેટ સ્ટ્રક્ચરને સરળ બનાવવા અને જરૂરી સંસાધનો એકત્ર કરવા માટે જણાવાયું હતું. હાલમાં જીએસટીહેઠળ ચાર સ્તરનું સ્ટ્રક્ચર છે. તેમાં ૫%, ૧૨%, ૧૮%, અને ૨૮%ના દર છે. આ ઉપરાંત કિંમતી ધાતુઓ જેવા અમુક ગુડ્સ માટે સ્પેશિયલ રેટ પણ છે. તેના કારણે આખી સિસ્ટમ જટિલ બની ગઈ છે. જુલાઈ ૨૦૧૭માં જીએસટી લાગુ કરવામાં આવ્યો ત્યારે રેવન્યુ-ન્યુટ્રલ રેટ લગભગ ૧૫.૫ ટકા હતો.

જીએસટીના જે રેટ પર રાજ્યો કે કેન્દ્રને ટેક્સની આવકમાં કોઈ નુકસાન થતું ન હોય તેને રેવન્યુ ન્યુટ્રલ રેટ કહેવામાં આવે છે. અનેક ગુડ્સ પર રેટ ઘટ્યા છે અથવા જીએસટીમાં માફી અપાઈ છે.

